# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 05-06-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર રિદ્ધિ પંચાલ વાંચે છે.

---

- ✓ એનડીએના નેતા તરીકે સર્વ સમંતિથી પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીની પસંદગી કરાઇ.. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં એનડીએના નેતાઓની બેઠકમાં સર્વસંમતિથી નિર્ણય લેવાય
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 17મી લોકસભા ભંગ કરી... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાની સરકારનું રાજીનામુ સુપરત કરીને કેબિનેટે કરેલા સૂચન બાદ લોકસભાનું વિસર્જન
- ✓ નવી દિલ્હી સ્થિતિ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને ઇન્ડિયા ગઠબંધનના નેતાઓ મળી બેઠક... રાહુલ ગાંધી, સોનિયા ગાંધી સહિતના નેતાઓ બેઠકમાં ઉપસ્થિત
- ✓ પરાજય બાદ ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયકે રાજ્યપાલને સુપરત કર્યું રાજીનામું.. ભાજપ પહેલીવાર ઓરિસ્સામાં સરકાર રચશે
- ✓ ટી-20 વિશ્વકપના અભિયાનનો આજથી ટીમ ઇન્ડિયા કરશે આરંભ... ભારતે ટોસ જીતીને આર્યલેન્ડને બેંટીંગ સોંપી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## NEW NDA MEETING

**એનડીએના નેતાઓએ આજે સર્વસંમતિથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેમના નેતા તરીકે પસંદ કર્યા છે. નવી દિલ્હીમાં એનડીએ નેતાઓની બેઠક દરમિયાન, એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ**

**હેઠળની એનડીએ સરકારના કાર્યકાળ દરમિયાન ભારતે છેલ્લા દસ વર્ષમાં દરેક ક્ષેત્રમાં સર્વાંગી વિકાસ થયો છે. ઠરાવમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે દેશની જનતાએ છ દાયકા પછી સતત ત્રીજી વખત પૂર્ણ બહુમતી સાથે મજબૂત નેતૃત્વને ચૂંટ્યું છે.**

**બેઠક દરમિયાન સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો કે NDA સરકાર દેશના સર્વાંગી વિકાસ માટે કામ કરવાનું ચાલુ રાખશે. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને NDAની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉપરાંત બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા અને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ અને અમિત શાહ હાજર રહ્યા હતા.**

**તેલુગુ દેશમ પાર્ટીના વડા એન ચંદ્રબાબુ નાયડુ, જનતા દળ (યુનાઇટેડ)ના વડા અને બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમાર, શિવસેના (શિંદે જૂથ)ના નેતા અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના વડા ચિરાગ પાસવાન, અપના દળના નેતા અનુપ્રિયા પટેલ, આરએલડી ચીફ જયંત ચૌધરી, જેડી(એસ)ના નેતા એચડી કુમારસ્વામી, હિન્દુસ્તાની અવામી મોરચાના ચીફ જીતન રામ માંઝી, જનસેના પાર્ટીના નેતા પવન કલ્યાણ અને એનડીએના ઘટક પક્ષોના અન્ય નેતાઓ આ બેઠકમાં હાજર હતા.**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુધવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી અને મંત્રી પરિષદ સાથે રાજીનામું આપ્યું હતુ  રાષ્ટ્રપતિએ રાજીનામું સ્વીકાર્યું હતુ પ્રધાનમંત્રી અને . નરેન્દ્ર મોદી અને મંત્રી પરિષદને નવી સરકારની રચના ન થાય ત્યાં સુધી રખેવાળ સરકાર ..તરીકે કાર્ય કરવા કહ્યું હતું

આ પહેલા પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં બુધવારે પીએમ નિવાસસ્થાને મળેલી કેન્દ્રીય કેબિનેટની છેલ્લી બેઠકમાં, રાષ્ટ્રપતિને 17મી લોકસભા ભંગ કરવાની ભલામણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતોઆ પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા  . અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને તેમના અને તેમના કેબિનેટના રાજીનામા પત્રો સુપરત કર્યા.

## LOKSABAH DISSOLVED

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે 17મી લોકસભા ભંગ કરી દીધી છે. અગાઉ, કેન્દ્રીય કેબિનેટે આજે બપોરે યોજાયેલી તેની બેઠકમાં રાષ્ટ્રપતિને તાત્કાલિક અસરથી 17મી લોકસભાનું વિસર્જન કરવાનું સૂચન કર્યું હતું.. ગઇકાલે જાહેર થયેલા પરિણામો બાદ આજે કેન્દ્રિય કેબિનેટની

બેઠક મળી હતી..આ બેઠકમાં લોકસભાનું વિસર્જન કરવાની રાષ્ટ્રપતિને ભલામણ કરવાનો નિર્ણય કરાયો હતો.

## PRESEIDENT DINNER

નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં વિશેષ રાત્રી ભોજનનું આયોજન કરાયું છે.. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા વિદાય લઇ રહેલા કેન્દ્રીય મંત્રી મંડળ માટે વિદાય રાત્રી ભોજનનું આયોજન કર્યું છે.. અગાઉ પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ ભવન ખાતે પોતાની સરકારનું રાજીનામું રાષ્ટ્રપતિને સોંપ્યુ હતું..

## INDIA BLOC - MEET

નવી દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના સત્તાવાર નિવાસસ્થાને ઇન્ડિયા બ્લોકના નેતાઓની બેઠક ચાલી રહી છે. વિપક્ષી ગઠબંધનના નેતાઓ આ બેઠક દરમિયાન કેન્દ્રમાં નવી સરકારની રચના અંગે તેમની વ્યૂહરચના ઘડી રહ્યાં છે.

કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ, આરજેડીના તેજસ્વી યાદવ, સીપીઆઈ (એમ) નેતા સીતારામ યેચુરી, સીપીઆઈ નેતા ડી. રાજા, એનસીપી (એસપી)ના વડા, શરદ પવાર, ડીએમકેના વડા એમ કે સ્ટાલિન, આપના સંજય સિંહ, જેએમએમના કલ્પના સોરેન અને ઝારખંડના મુખ્યમંત્રી ચંપાઈ સોરેન આ બેઠકમાં હાજર છે.

લોકસભાની ચૂંટણીના પરિણામો બાદ ગઠબંધનની આગામી વ્યૂહરચના અંગે પણ બેઠકમા ચર્ચા કરવામાં આવશે.

## SECRETARIET

18મી લોકસભાના સભ્યોને આવકારવા માટે લોકસભા સચિવાલય તૈયાર છે. સચિવાલય તરફથી  સત્તાવાર જાહેરાત કરતાં  જણાવાયું હતું કે 18મી લોકસભાના નવા સભ્યોને આવકારવા અને તેમની સીમલેસ નોંધણી સુનિશ્ચિત કરવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા છે. સમયનો બચાવ  અને પેપરલેસ ડીજીટલ પ્રક્રિયાનો ઉપયોગ કરીને નવા ચૂંટાયેલા સભ્યોની નોંધણી ઓનલાઈન ઈન્ટીગ્રેટેડ સોફ્ટવેર એપ્લિકેશન દ્વારા કરાશે. નવા ચૂંટાયેલા સભ્યોને સ્થળ પર જ SBI બેંક ખાતું ખોલવા, કાયમી ઓળખ કાર્ડ, કેન્દ્ર સરકારના આરોગ્ય યોજના કાર્ડ આપવા માટે પણ વિશેષ વ્યવસ્થા કરાઇ છે. સચિવાલયે સુનિશ્ચિત કર્યું છે કે આ પ્રક્રિયા શનિવાર અને

રવિવાર સહિત 14મી જૂન સુધી સવારે આઠ વાગ્યાથી સાંજના આઠ વાગ્યા સુધી ચાલશે. સભ્યોનું સ્વાગત કરતી વખતે, સચિવાલય દરેક સભ્યને ભારતના બંધારણ, નિયમો, દિશાનિર્દેશો અને અન્ય કેટલાક ઉપયોગી પ્રકાશનો સાથે સંબંધિત હાર્ડ કોપીમાં પ્રદાન કરશે. સચિવાલયે કહ્યું કે એરપોર્ટ અને રેલ્વે સ્ટેશનો પર ગાઈડ પોસ્ટ બનાવવામાં આવી છે. વધુમાં, સભ્યોને વેસ્ટર્ન કોર્ટના જોડાણ, હોસ્ટેલ, રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના ભવનો અને ગેસ્ટ હાઉસમાં ટ્રાન્ઝિટ આવાસ આપવામાં આવશે. સભ્યોને પરિવહન આવાસની ફાળવણી માટે સોફ્ટવેર આધારિત કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. CGHS મેડિકલ પોસ્ટ્સ પણ સભ્યો માટે ચોવિસે કલાક  કાર્ય કરશે.

## PATNAIK RESIGN

**ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે બુધવારે રાજ્યના રાજ્યપાલ, રઘુબર દાસને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું. ઓડિશામાં અઢી દાયકાથી સતત શાસન કરી રહેલા પટનાયકને, વિધાનસભા ચૂંટણીમાં ભાજપના હાથે મોટી હારનો સામનો કરવો પડ્યો છે.પટનાયક આજે સવારે રાજભવન પહોંચ્યા અને રાજ્યપાલને, પોતાનું રાજીનામું સોંપ્યું હતું.. ઓડિશાની 147 સભ્યોની રાજ્ય વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીએ 78 બેઠકો જીતી છે જ્યારે બીજુ જનતા દળને માત્ર 51 બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે. પહેલીવાર ભાજપ રાજ્યમાં  સરકાર બનાવવા જઈ રહી છે.  આ ઉપરાંત ભાજપે રાજ્યની 21 લોકસભા બેઠકોમાંથી 19 પર જીત મેળવી છે.**

## *T10 WORLD CUP*

ટી – ટ્વેન્ટી વિશ્વકપના અભિયાનનો આજેથી ભારતની ટીમ આરંભ કરશે. થોડીવારમાં જ  રોહિત શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમ મેદાનમાં ઉતરશે..

ભારતીય ટીમ આજે આયર્લેન્ડ સામે મેચ રમશે, આ ટીમ ઇન્ડિયાની પહેલી મેચ હશે.. ભારત અને આર્યલેડ વચ્ચેની મેચમાં ભારતે ટોસ જીતીને પહેલા બોલીંગની પસંદગી કરી હતી. થોડીવારમાં આ મેચ ન્યૂયોર્ક ખાતે શરૂ થશે.

## KEJRIVAL

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન અરજીને ફગાવી દીધી છે .. વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ, દિલ્હી એક્સાઇઝ કૌભાંડ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની, સાત દિવસની વચગાળાની જામીન અરજી ફગાવી

દીધી છેચુકાદાની જાહેરાત દરમિયાન કેજરીવાલના વકીલે તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત . જોકે .કરી હતી કોર્ટે તિહાર જેલ પ્રશાસનને કેજરીવાલના સ્વાસ્થ્ય સંબંધિત જરૂરી ટેસ્ટ કરાવવાનો નિર્દેશ આપ્યો છે કોર્ટે એમ પણ કહ્યું કે . જ્યારે પણ તેમને સ્વાસ્થ્ય સંબંધી કોઈ ચિંતા હોય, તો તે કોર્ટમાં આવી શકે છે. સુનાવણી દરમિયાન, ઇડી વતી જામીન અરજીનો વિરોધ કરવામાં આવ્યો હતો.

## WEATHER

આગામી સાત દિવસ દરમિયાન ઉત્તર-પૂર્વ વિસ્તાર, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વાવાઝોડા અને વીજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગે કહ્યું છે કે જમ્મુ કાશ્મીર-લદ્દાખ-ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ આગામી ત્રણથી ચાર દિવસમાં આવી જ સ્થિતિ જોવા મળી શકે છે. IMDએ જણાવ્યું કે આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન પંજાબ, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ગાજવીજ અને ધૂળની ડમરીઓ સાથે હળવો વરસાદ થવાની સંભાવના છે.

દરમિયાન, આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઝારખંડ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઓડિશામાં હીટ વેવની સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા છે.

## FADANVIS

ભાજપના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાજ્યમાં પાર્ટીના નબળા દેખાવની સંપૂર્ણ જવાબદારી લીધી છે. તેમણે નાયબ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવાની ઓફર કરી હતી.. તેમણે કહ્યું કે, જો કેન્દ્રીય નેતૃત્વ પરવાનગી આપશે તો તેઓ પદ પરથી રાજીનામું આપી દેશે. તેમણે કહ્યું કે, રાજીનામું આપ્યા પછી, તેઓ રાજ્યમાં આગામી વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે તેમના સમયનો ઉપયોગ કરી શકશે. રાજ્યમાં ભાજપના વોટ શેરનું વિશ્લેષણ કરતા તેમણે કહ્યું કે, 2019માં પાર્ટીએ 27.84% વોટ મેળવ્યા છે જ્યારે 2024માં પાર્ટીનો વોટ શેર 26.17% છે. 2019માં ભાજપે 23 સંસદીય બેઠકો જીતવામાં સફળતા મેળવી હતી જ્યારે 2024માં ભાજપે 9 બેઠકો જીતી હતી.